# પરિશ્રમ એ જ પારસમણિ

– પ્રવીણ પરમાર

ચોમાસાની ઋતુ હતી. વરસાદ ધોધમાર વરસતો હતો. વનુ વાદરો ટાઢમા ઠૂઠવાતો હતો. આશ્રય શોધતો આમતેમ ફાફા મારી રહ્યો હતો. આખરે એક ઝાડ નીચે આવી એ બેઠો. આખુ શરીર પલળી ગયુ હતુ. ઠડીથી આખુ ડિલ કપતુ હતુ. દાત કડકડતા હતા. પક્ષીઓ પોતપોતાના માળામા લપાઈને બેઠા હતા. એક વાદરાભાઈ જ એવા હતા કે જે ટાઢ થરથરતા હતા. ઠડીથી રૂવાડા બેઠા થઈ ગયા હતા. ક્યાક આગ લાગી હોય તો કેવુ સારુ ? શરીર હૂફાળુ બની જાય. ટાઢ ઊડી જાય. પણ એવુ ક્યા બને ? એવામા એની નજર ચણોઠીના લાલચટાક દાણા પર પડી. એ દોડયો. આગના તણખા સમજી એને એકઠા કરવા લાગ્યો. એકાદ મુઠ્ઠી દાણા ભેગા કરી ફૂક મારવા લાગ્યો. ફૂકી ફૂકીને પેટ દુખવા માડય પણ આગ લાગી નહિ. એ ઘણુ ચોડાયો પણ શુ કરે ?

ઝાડ પર પોતાના માળામા નિરાતે બેઠેલી સુઘરી આ તમાશો ક્યારનીય જોઈ રહી હતી ને મનોમન હસતી હતી. એને ઘણુય મન થયુ વાદરાને શિખામણ આપવાનુ. પણ એ ચૂપ બેઠી હતી. વાદરાભાઈની જાત. એનો શો ભરોસો ? કહેવત છે ને કે ‘‘રાજા વાજા ને વાદરા.’’ ના....ના...સુઘરી ભીતરથી કપી ગઈ. હજી એ દિવસની એ ગોઝારી ઘટના ભૂલી નહોતી. આવી જ એ ચોમાસાની ઋતુ હતી. હજી પોતાની આખો ખૂલવાને બે દિવસ થયા હતા. ચીં...ચીં... બોલવાનુ શીખી હતી. માળામા પાખો ફફડાવતી તે માની રાહ જોતી. થોડી થોડી વારે મા કઈ ને કઈ શોધી લાવે ને ખવડાવે. વરસાદ ચાલુ હોવાથી આજે મા પણ અમને સાચવીને માળામા જ બેસી રહી હતી.

આ જ વાદરો આમ ન એ દિવસે ટાઢથી થરથરતો અહીં આવ્યો હતો. માનો સ્વભાવ બોલકણો. વાડ સગાથે વાતો કરે. વાદરાને આગ લગાડવાનો વ્યર્થ પ્રયત્ન કરતો જોઈ એનાથી ન રહેવાયુ. એ બોલી હતી :

અરે ! વાદરાભાઈ, તમને તો ભગવાને કેવા સરસ હાથપગ આપ્યા છે ! આખો દિવસ આ ઝાડથી પેલા ઝાડ પર કૂદ્યા કરો છો, એના કરતા જો ઘર બનાવ્યુ હોત તો આમ ટાઢ થથરવાનો વારો આવે ? આ અમને ભગવાને નાની અમથી ચાચ આપી છે, તો પણ કેવુ સરસ ઘર બનાવી લીધુ છે ? આખુ વરસ નિરાત. ન ટાઢ કે તડકો. પશુ હોય કે પખી. ઘર તો પોતાનુ હોવુ જ જોઈએ ને ? ધરતીનો છેડો ઘર. આમ ભટકવાનો તો વારો ન આવે.

વાદરાનુ માથુ ભમી ગયુ હતુ. એણે વેધક નજરે ઉપર જોયેલુ. મનમા ઘણુ ધૂધવાયો પણ બોલ્યો નહિ એટલે માએ આગળ ચલાવેલુ :

ના....ના...ભગવાને આટલા સુદર હાથપગ આપ્યા એનો શો મતલબ ? હાથપગ કઈ શોભા માટે છે ? એક કવિએ કહ્યુ કે, ''કામ કરે ઈ જીતે માલમ, કામ કરે ઈ જીતે.'' અને હા.....''આળસ તો જીવતા માણસની કબર છે.'' એવુ તમારા જેવા જ કોઈ પ્રાણીને મે બોલતા સાભળેલુ.



ને આટલુ સાભળતા તો એ ઊછળી પડેલો. ઓ ચિબાવલી. .....બધ થા. ને હૂપ કરતો એ ઝાડ પર આવી ગયો. મા બી ગઈ. અમે બે ભાઈ–બહેન ગભરાઈને રડવા લાગ્યા. ક્રોધથી એની આખો લાલઘૂમ હતી. અમે કઈક વિચારીએ એ પહેલા તો એણે અમારુ ઘર તોડીને વહેતા પાણીમા ફેકી દીધુ. માએ જેમતેમ કરીને અમને બચાવી લીધા. અમે સગી આખે અમારુઘર તણાતુ જોઈ રહ્યા પણ લાચાર હતા. એક બીજા ઝાડની બખોલમા માએ અમને સુવડાવ્યા. બીજા દિવસે એક પરદેશ ગયેલા પડોશીના અડધા તૂટેલા ઘરને માએ ઠીકઠાક કર્યુ ને અમે એમા રહેવા લાગ્યા. વરસો વીતી ગયા એ વાતને. હજી એ દશ્ય મારી આખ આગળથી ખસતુ નથી. માએ મને તે દિવસે શીખ આપી હતી. મૂરખાને કદી શિખામણ ન આપવી. ના બોલ્યામા નવ ગુણ બેટા. પણ હુય માની દીકરી. આખરે મારાથી બોલ્યા વિના ન રહેવાયુ. કહી દીધુ :

અરે વાદરાભાઈ, આવડુ મોટુ શરીર લઈ આમ ભટક્યા કરો છો એના કરતા હડકા થોડા વાળ્યા હોય તો આમ થથરવુ પડે ? આ અમે કેવા ટચૂકડા, પણ જુઓ અમારુ ઘર ! આખીયે પખીજાતમા અમારા જેવુ છે કોઈનુ ઘર ? તમારી પાસે શુ નથી ? બસ, આળસ છોડી મહેનત કરવાની જરૂર છે. કહેતા હો તો હુ પણ બનતી મદદ કરુ.

એણે ઉપર જોયુ. સુઘરીની વાત એની છાતી સોસરવી ઊતરી ગઈ. એ મનોમન વિચારવા લાગ્યો. વાત તો સાચી છે. આવડુ અમથુ પખી જો આટલો સુદર માળો બનાવતુ હોય તો મારાથી કેમ ના બને ? એને સુઘરીની અદેખાઈ થઈ. એણે દ્દઢ નિશ્ચય કર્યો કે સુઘરીથી પણ રૂપાળુ ઘર ન બનાવુ તો મારુ નામ વનુ વાદરો નહિ.

વાદરાભાઈ મડી પડયા ઘર બનાવવા. ઝાડની લાબી લાબી ડાળીઓ તોડી લાવે. મોટા મોટા પથ્થર ઉપાડી લાવે. દાદાજી હતા ત્યારે એમના મોઢ ઘણીવાર રામાયણની વાતો સાભળેલી કે આપણા પૂર્વજોને છેક લકા સુધીનો પુલ બનાવેલો. પૂર્વજોના પરાક્રમની એ વાતો હજી એના કાનમા ગૂજતી હતી. આ તો થોડી આળસ વળગી ગયેલી અને એ સુઘરીના બોલથી દૂર થઈ હતી. વાદરાનો ઉત્સાહ અનેરો હતો. વચમા વચમા સુઘરી સલાહ આપે : ''એમ નહિ વાદરાભાઈ, આમ. આમ નહિ વાદરાભાઈ તેમ.'' ને આખરે એ દિવસ આવીને ઊભો રહ્યો. વાદરાભાઈનુ ઘર તૈયાર થઈ ગયુ. થોડા દિવસો પછી વાદરીબહેનનો જન્મદિવસ આવતો હતો. એ દિવસે જ એને તેડી લાવીને સરપ્રાઈઝ પાર્ટી આપવી અને ગૃહપ્રવેશ કરવો એમ નક્કી કર્યુ. જેમ જેમ એ દિવસ નજીક આવતો ગયો તેમ તેમ એનો ઉમગ બેવડાતો ગયો. જગલમાથી જાતજાતના ફળ એ વીણી લાવ્યો. બધા પખીઓ અને પ્રાણીઓને નિમત્રણ આપ્યા. નાચગાન ને જલસા થયા. સુઘરી અતિથિ વિશેષ તરીકે શોભાયમાન હતી. વાદરીની આખો તો આ બધુ જોઈ હરખના આસુથી છલકાઈ ઊઠી. વાદરાએ સૌની સામે સુઘરીના વખાણ કર્યા ને આભાર માન્યો. બધા પખીઓ ને પ્રાણીઓ ''પરિશ્રમ એ જ પારસમણિ''નો મત્ર વાગોળતા છૂટા પડયા. વાદરાભાઈ હવે પોતાના ઘરમા નિરાતે રહેવા લાગ્યા.

■